ઝઘડામાં વચ્ચે પડનાર યુવાનની બચકું ભરીને આંગળી કાપી નાખી

છુટી પડી ગયેલી આંગળી લઈને યુવાન હોસ્પિટલ પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ૩ વિસ્તારમાં બે યુવાનો ઝઘડી રહ્યા હતા ત્યારે તે બન્નેને ગાળાગાળી અને મારામારી કરતા જોઈને શાંત પડાવવા વચ્ચે પડેલા ત્રીજા એક યુવાનને ઝઘડામાં વચ્ચે પડવાનું ભારે પડી ગયું હતું. તુ કેમ અમારા ઝઘડામાં વચ્ચે પડ્યો તેમ કહીને બચકું ભરીને દાંત વડે જ આંગળી કાપી નાંખવામાં આવી હોવાની ઘટના બનવા પામી છે. સે. ૭ પોલીસે આ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૧૪માં રહેતા શ્યામ શનાભાઈ દેવીપૂજક અને બીજો યુવાન બકાભાઈ બન્ને આમને-સામને આવી ગયા હતા. મારામારી અને ગાળાગાળી થતા જોઈને બાજુમાં ઉભેલો એક યુવાન ભગવાન ડાહ્યાભાઈ સોલંકી બન્ને યુવાનોને છોડાવવા માટે વચ્ચે પડ્યો..! બન્ને યુવાનો પોતાનો ઝઘડો છોડીને ભગવાનભાઈ પર ચઢી બેઠા હતા. શ્યામ નામના ભગવાનભાઈને વચ્ચે પડવા બદલ ગાળાગાળી કરીને આંગળીને બચકું ભરી કાપીને ફેંકી દીધી હતી. સે. ૭ પોલીસે ભગવાનભાઈની ફરીયાદને આધારે શ્યામ સામે એટ્રોસીટી અને કલમ ૩૨૬ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

નવા વર્ષથી એટીએમ નંબર બદલવાના છે કહીને છેતરપીંડી

એ.ટી.એમ. નંબરની માહિતી મેળવવા બેંકમાંથી કોઈ કોલ આવે તો ચેતજો..!

સે. ૨૪ની મહિલાને દેના બેંકની હેડ ઓફીસથી બોલુ છુ કહીને વિગતો મેળવી લીધા બાદ તબક્કાવાર ખાતામાંથી રૂ. ૮ હજાર ઉપાડી લીધા

ગાંધીનગર, તા. ૧૬

બેંકની હેડ ઓફીસમાંથી બોલુ છુ... નવા વર્ષથી તમામ ખાતેદારોના એટીએમના નંબર બદલવા જઈ રહ્યા છીએ... તમારા એટીએમ મર્ડનો નંબર આપો...! તેમ કોઈ નંબર પરથી ફોન આવે તો ચેતજો...! બેંક ખાતેદારોને ચુનો ચોપડી સાયબર ક્રાઈમ વડે ઠગાઈ કરવાનો નવો કિમીયો ભેજાબાજોએ અપનાવ્યો છે. જેનો ભોગ તાજેતરમાં જ ગાંધીનગર સે. ૨૪ની એક મહિલા બની છે...!

શહેરના સેક્ટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ મકાન નં. એમ-૨૬/૪૧૬ ખાતે રહેતી મહિલા દિપ્તીબેન મહેશભાઈ શુકલ પર ૨ જાન્યુઆરીએ એક ફોન આવ્યો હતો. હું દેના બેંકની હેડ ઓફીસમાંથી બોલુ છું. નવા વર્ષમાં અમે તમામ એટીએમના નંબર બદલવા જઈ રહ્યા છીએ. તેના માટે અમારે તમારા એટીએમના આગળ અને પાછળના બબ્બે નંબર જણાવો...! સાચે જ બેંકમાંથી ફોન આવ્યો હોવાનું માનીને દિપ્તીબેન તેની વાતમાં આવી ગયા અને નંબર લખાવી દીધા હતા. ત્યાર બાદ તબક્કાવાર તેમના એકાઉન્ટમાંથી ૨. ૮ હજાર આપમેળે ઉપડી ગયા...! સાયબર ક્રાઈમ કરનાર ભેજાબાજે કેવી રીતે રૂપિયા ઉપાડ્યા અને તે કોણ શખ્સ છે ? તે સહિતની તપાસ માટે દિપ્તીબેનની ફરીયાદ નોંધીને સે. ૨૧ પોલીસમથકના પી.આઈ. બી.એ. ચાવડાએ તપાસનો દોર શરૂ કર્યો છે. મહિલા પર જે મોબાઈલ નંબર પરથી કોલ આવ્યો હતો જેની બિગતો કાઢવાની તજવીજ શરૂ થઈ છે.

પાટનગરમાં એક તરફ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી ચાલી રહી છે ત્યાં બીજી તરફ દરરોજ બે ચાર માર્ગ અકસ્માતો પાટનગરમાં જ બની રહ્યા છે. આજે સવારથી બપોર સુધીમાં ઘ-૫ સર્કલ અને સે-૧૧માં બે જગ્યાએ અકસ્માતો સર્જાયા હતાં. ઘ-૫ સર્કલ પાસે પાછળથી બેફામ ગતિએ આવી રહેલી કારે આગળ જઈ રહેલી કારને ધડાકાભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

ચોરી કરીને વેચી દેવામાં આવતા દૂધ કૌભાંડમાં મુંબઈ કનેક્શન

કટીંગ થયેલું દૂધ ખરીદનાર શખ્સની ધરપકડ

ઉબખલ ગામની ડેરીમાં દૂધ સાચવીને ટેન્કર મારફ્તે મુંબઈ મોકલાતું હતું

ગાંધીનગર, તા. ૧૬

ચકચારી બનેલા બનાસડેરીમાંથી મધર ડેરી દૂધ ભરીને લઈ જતી વખતે રસ્તામાં મોટર વડે અડધો અડધ દૂધ કટીંગ કરીને તેટલુ જ પાણી મિલાવી દઈને વેચી દેવાના મસમોટા કૌભાંડમાં ડ્રાઈવર પકડાયા બાદ દૂધ કટીંગ કરનાર ખેરાલુનો વિષ્ણુ ઠાકોર ઝડપાયો હતો. તેની રિમાન્ડ દરમ્યાન પુછપરછમાં આ દૂધ વિજાપુરના હિરપુરા વિસ્તારનો અંબાલાલ મોહનલાલ પટેલ ખરીદતો હોવાનું બહાર આવ્યું હતું. અડાલજ પોલીસે તેની પણ ધરપકડ કરી લીધી છે. અંબાલાલની પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. અંબાલાલનું કહેવું છે કે આ કટીંગ થયેલુ દૂધ તે ઉબખલ ગામની ક્રિશ્ના ડેરીમાં સંતાડતો હતો. રાજસ્થાનના શાંતિલાલ નામના શખ્સની આ ડેરી છે. ક્રિશ્ના ડેરીમાંથી ટેન્કર મારફતે દૂધ મુંબઈ મોકલવામાં આવતું હતું.

જો કે પોલીસને હજુ સુધી સમગ્ર રેકેટની મુખ્ય કડી મળી શકી નથી. ફરાર થઈ ગયેલો માસ્ટર માઈન્ડ ક્લીનર હરેશ ચૌધરી આ સમગ્ર રેકેટને તથા રેકેટમાં કોની કોની સંડોવણી છે તે સહિતની ચોંકાવનારી વિગતો જાણતો હોવાની શક્યતા છે. પોલીસે તેને પકડવા તથા રાજસ્થાનના શાંતિલાલને પકડવા તથા કૌભાંડના મુળ સુધી પહોંચવા ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ડેપોમાં માત્ર ૧૦ સી.એન.જી. બસો ૯૮ પૈકી ૭૫ ડિઝલ બસો નવી

સી.એન.જી. બસોનો માત્ર વધારાની સેવામાં ઉપયોગ

ગાંધીનગર, તા.૧૬

એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ડેપોમાં છેલ્લા બે વર્ષમાં ૭૫ જેટલી નવી બસો ફાળવવામાં આવી છે. જયારે પ્રદુષણ મુકત સી.એન.જી. બસના ઉપયોગનો અભિગમ વિસરાતા ડેપોમાં હાલ માત્ર ૧૦ સી.એન.જી. બસ છે. આ સી.એન.જી. બસોનો ખૂટતી સેવા તરીકે ઉપયોગ થાય છે.

શહેરના એસ.ટી. ડેપોમાં ખૂટતી તમામ સુવિધાઓ પૂરી પાડીને ડેપોને મોડેલ સ્વરૂપ બનાવવા તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. મુસાફરોને અસરકારક બસ સેવા પૂરી પાડવા ડેપોને અત્યાર સુધી ૭૫ જેટલી નવી બસો ફાળવવામાં આવી છે. હાલ એસ.ટી.ડેપોમાં કુલ ૧૦૮ બસોનું સંચાલન કરવામાં આવે છે. આ પૈકી ૯૮ ડીઝલ બસો છે. જેમાંથી ૭૫ બસો તદ્દન નવી છે અને ૧૦ બસ સી.એન.જી. છે. એસ.ટી.ડેપોને અગાઉના વર્ષોમાં પ્રદુષણ અટકાવવાના અભિગમ સાથે સી.એન.જી. બસો ફાળવવામાં આવી હતી. પરંતુ સમય જતા સી.એન.જી. બસ સેવા પાછી ખેંચી લેવાતા ડેપોમાં હવે માત્ર ડીઝલ બસો જ જોવા મળે છે. હાલ ઉપલબ્ધ સી.એન.જી. બસનો વધારાની સેવા તરીકે જ ઉપયોગ થાય છે. અલબત્ત ખૂટતી બસ સેવા પૂરી પાડવા સી.એન.જી. બસ દોડાવાય છે. સી.એન.જી.ના ભાવ ઘટાડા બાદ પણ આમ નાગરિકોને બસ ભાડામાં કોઈ રાહત મળી શકી નથી. ડેપોને મોડેલ બનાવવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે ત્યારે સલામતીના મુદ્દાને અગ્રતા આપી પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો પણ છેલ્લા એક દાયકાથી અટવાયેલો છે.

ઈન્ફોસિટી સ્કૂલમાં સ્પોર્ટસ ડે ઉજવાયો

વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાઝવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૬

શહેરની પાસે આવેલ સરગાસણની ઈન્ફોસિટી સ્કૂલમાં ગત તા. ૧૧ જાન્યુઆરીના રોજ સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૬, ૭,૮ અને ૯માં અભ્યાસ કરતા ગુજરાતી અને ઈંગ્લિશ મિડીયમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સરગાસણની ઈન્ફોસિટી સ્કૂલમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શક્તિઓ ખિલી ઉઠે તે હેતુસર વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં એક મિનિટ, ગેમ, લોટમાંથી ચોકલેટ શોધવી, મેમરીગેમ, લીંબુ ચમચી, કોથળા દોડ, પગેથી ફુગ્ગા ફોડવા જેવી રમતો યોજાઈ હતી.

જેમાં એક મિનિટ ગેમમાં તારક પટેલ, લીંબુ ચમચીમાં બ્રિન્દા અને દિવ્યા સંયુક્ત, ૧૦૦ મી. રેસમાં ધ્રુવિલ અને ભવ્યા સંયુક્ત, દોરડા કૂદમાં શ્રેયા અને દેવાંશી, લેગ રેસમાં વિશ્વજીત અને નીલ, સંગીત ખુરશીમાં યેશા અને ચાર્મિલ , કોથળા દોડમાં ચાર્મિલ અને સોહમ વિજેતા બન્યા હતા. તમામ ભાગ લીધેલા વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાઝવામાં આવ્યા હતા. તેમજ શાળાના ટ્રસ્ટીઓ અને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રાવત રાજપૂત મહાસભાએ શુભકામના પાઠવી

રાજસ્થાન રાવત રાજપૂત મહાસભા ગાંધીનગરનો આજરોજ ૩૩મો સ્થાપના દિવસ હોવાથી અધ્યક્ષ માનસિંહ ચૌહાણ, નવયુવક મંડળ અને સમસ્ત કારોબારી સમિતિ દ્વારા સમાજના સર્વે પરિવારોને હાર્દિક શુભકામના પાઠવવામાં આવી છે.

૧૦૪૪ વર્ષ પુરાણા ઐતિહાસિક અન્નપૂર્ણા શક્તિપીઠના સંચાલક ટ્રસ્ટના પ્રમુખ પદે ગાંધીનગરના હરેશ જાનીની વરણી

ગાંધીનગર, તા. ૧૬

મહેસાણા જિલ્લાના અંબાસણ ખાતે આવેલ અન્નપૂર્ણા માતાજીના મંદિરનું સંચાલન શ્રી અન્નપૂર્ણા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આશરે ૧૦૪૪ વર્ષ પુરાણું ઐતિહાસિક અને સમગ્ર ગુજરાત રાજ્યનું અન્નપૂર્ણા માતાજીનું મુખ્ય તિર્થસ્થાન તરીકે કિર્તિ ધરાવતા આ મંદિરના ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પદે ગાંધીનગરના હરેશભાઈ સુમનલાલ જાનીની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

અંબાસણનું શ્રી અન્નપૂર્ણા માતાજીનું આ મંદિર 'અન્નપૂર્ણા શક્તિપીઠ' બ્રહ્મસમાજના જાની પરિવાર ઉપરાંત અંબાસણ ત્રિવેદી, ભટ્ટ, ઉપાધ્યાય, સોની, ઠક્કર તેમજ લેઉઆ પાટીદારોની કુળદેવી તરીકે સુવિખ્યાત છે. આ અન્નપૂર્ણા વિશ્વનું

પોષણ કરનારી દેવી ગણાય છે. માટે તે રીતે તે સમગ્ર વિશ્વની માતા તરીકે પૂજાય છે.

આ મંદિરનું સંચાલન કરતા અન્નપૂર્ણા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે મૂળ લાકરોડા ગામના વતની અને હાલ ગાંધીનગર સ્થાયી થયેલ હરેશભાઈ સુમનલાલ જાનીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. સર્વ સમાજ અને સર્વ સંમતીથી દરેક ભક્તોએ સંસ્થાની સામાન્ય સભામાં તેમની વરણી કરીને મા અન્નપૂર્ણાના ભવ્ય વિકાસ પ્રચાર-પ્રસારનું સુકાન સોંપવામાં આવેલ છે. ટ્રસ્ટ વતી તેમને આ જવાબદારી પૂર્ણ કરવા મા અન્નપૂર્ણા શક્તિ સંપત્તિ અને સમય આપે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના પેન્શનરોને પ્રતિમાસ ૩૦૦ તબીબી ભથ્થુ અપાશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદના કર્મચારીઓ પેન્શનરોને પ્રતિ માસ રૂ. ૩૦૦ તબીબી ભથ્થુ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદના કર્મચારીઓ પેન્શનરોને પ્રતિ માસ રૂ. ૩૦૦ તબીબી ભથ્થુ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

કેન્દ્ર સરકારના છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે રાજ્ય સરકારે સ્વીકારેલ પગાર ધોરણ અનુસાર ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદના અધિકારીઓ કર્મચારીઓને લાભ આપવામાં આવેલ.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદના પેન્શનરોને છઠ્ઠા પગાર પંચની ભલામણો અનુસાર સુધારેલ પેન્શનનો લાભ આપવામાં આવેલ. આ ઉપરાંત સરકારી પંચાયતના કર્મચારીઓ વગેરેને માસિક રૂ. ૩૦૦ તબીબી ભથ્થુ મંજુર પણ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદે બોર્ડના કર્મચારીઓ પેન્શનરોને પ્રતિમાસ રૂ. ૩૦૦ તબીબી ભથ્થુ મંજુર કરવા માટે એક દરખાસ્ત રાજ્ય સરકારને કરવામાં આવી હતી.

આથી રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદના કર્મચારીઓ પેન્શનરોને ગુજરાત સરકારના કર્મચારી અધિકારી કરતાં કોઈ વિશેષ લાભ કે ઉંચા ભથ્થા ચૂકવવામાં આવતા ના હોય તે શરતે નાણાં વિભાગના ૩-૧૦-૨૦૧૨ના ઠરાવની જોગવાઈ મુજબ રાજ્ય ગ્રામોદ્યોગ ખાદી બોર્ડના કર્મચારીઓ પેન્શનરોને પ્રતિ માસ રૂ. ૩૦૦ તબીબી ભથ્થુ આપવાની દરખાસ્તને મંજુરી આપી છે.

મંત્રીઓ, ધારાસભ્યો ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણીમાં હાજરી આપવા દિલ્હી ભણી

ગાંધીનગર, તા. ૧૬

દિલ્હી ખાતે ૧૮મીથી બે દિવસ માટે મળનારી ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપવા માટે પ્રદેશના હોદ્દેદારો મંત્રીઓ ધારાસભ્યો આવતીકાલે દિલ્હી ત્રણ દિવસના પ્રવાસે જશે.

આગામી લોકસભા ચૂંટણીની વ્યૂહરચના ઘડવા માટે દિલ્હી ખાતે આગામી ૧૮મી જાન્યુઆરીના રોજ બે દિવસની ભાજપની રાષ્ટ્રીય પરિષદ મળનારી છે. આ બેઠકમાં હાજરી આપવા માટે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પ્રદેશ હોદ્દેદારો, મંત્રીઓ ,સાંસદો અને ધારાસભ્યો આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.

દિલ્હી ખાતે બે દિવસ માટે મળનારી ભાજપની રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી અંગે ભાજપની ચૂંટણી વ્યુહરચના અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને ચૂંટણી પ્રચાર માટે કયા કયા મુદ્દાઓનો સમાવેશ કરવો તેમજ કયા મુદ્દા સાથે પ્રજા સમક્ષ જવું એ અંગે ચર્ચા વિચારણા કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિલ્હીમાં ભાજપને આપ આદમી પાર્ટીએ સત્તા પર આવતા રોકીને ભાજપ માટે એક નવો પડકાર ઉભો કર્યો છે ત્યારે આગામી લોકસભા ચૂંટણીમાં આપ ભાજપને વધુ નુકશાન ન પહોંચાડે તે માટેની ચૂંટણી વ્યૂહરચના ઘડી કાઢવામાં આવશે જેમાં આપ અને કોંગ્રેસની સાંઠગાંઠ પ્રજા સમક્ષ ખુલ્લી પાડવા માટેની રણનીતિ ઘડાશે.

ગુંજન લાફીંગ ક્લબ ૧૯મો વાર્ષિકોત્સવ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૬

ગુંજન લાફીંગ ક્લબ ગાંધીનગરનો ૧૯મો વાર્ષિકોત્સવ તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. તેમજ આ પ્રસંગે સ્વાસ્થ્યપ્રદ અને હાસ્યથી ભરપુર સ્મૃતિ અંક પ્રકાશિત કરવામાં આવશે. જેમાં ભુલકાથી મોટેરાઓ ભાગ લઈ શકશે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક હાસ્ય રસિકોએ તા. ૩૧ જાન્યુઆરી સુધી મનહરભાઈ શાહ-૯૪૨૯૩૫૬૧૨૪, રમેશભાઈ ત્રિવેદી - ૯૪૦૮૨૨૯૪૪૮ અને ભરતસિંહ વાઘેલા - ૯૪૨૭૩-૧૧૭૯૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

દિપેશ-અભિષેક કેસમાં ટ્રાયલ ૨૮મી ફેબ્રુઆરી પર મુલતવી

અમદાવાદ,તા. ૧૬

રાજ્યભરમાં ખળભળાટ જગાવનાર દિપેશ-અભિષેક અપમૃત્યુ કેસમાં સંકળાયેલા આસારામના સાધક ઉદય સાંગાણી સહિત સાત સાધકોની સામે ટ્રાયલ ચલાવવાની કાર્યવાહી મેટ્રોપોલીટન કોર્ટ ૨૮મી ફેબ્રુઆરી પર મુલતવી રાખી છે. બીજી તરફ દિપેશ અભિષેકના પરિવારજનોએ કલમ-૧૭૩ હેઠળ કેસમાં વધુ તપાસ કરવા અર્થે કોર્ટ સમક્ષ માંગ કરી છે. આગામી મુદ્દતે તમામ સાધકોની સામે ટ્રાયલ ચાલે તેવી શક્યતા છે. રાજ્યમાં ચકચાર જગાવનાર દિપેશ-અભિષેક અપમૃત્યુ કેસમાં સંકળાયેલા સાત સાધકો વિરૂદ્ધ મેટ્રોપોલીટન કોર્ટમાં ટ્રાયલ ચાલવાની હતી પંરતુ કોર્ટે કેસની ટ્રાયલ આગામી ૨૮મી ફેબ્રુઆરી પર મુલતવી રાખી છે.

બીજી તરફ દિપેશ-અભિષેકના પરિવારજનએ કલમ-૧૭૩ હેઠળ કેસમાં વધુ તપાસ થાય તેના માટે કોર્ટ સમક્ષ માંગ કરી છે હવે આગામી ૨૮મી ફેબ્રુઆરીના રોજ કેસની ટ્રાયલ ચાલશે. દિપેશ-અભિષેક કેસમાં અત્યાર સુધી ચાર્જશીટ અને ચાર્જફ્રેમની કાર્યવાહી થઈ ચૂકી છે. ઉપરાંત કેસમાં તપાસ એજન્સી સીઆઈડી ક્રાઈમે આસારામના સાત સાધકો વિરૂદ્ધ બેદરકારી દાખવવા બદલની કલમો ચાર્જશીટમાં લગાવેલી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬

સૂર્યાસ્ત : ૫.૫૮

તાપમાન

મહત્તમ : ૨૬.૦૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ લીજેન્ડ ઓફ હરક્યુલસ ૩-ડી(હિન્દી) : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૧૫, ૮.૩૦, ૧૦.૪૫

શોલે -૩ડી : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૯.૪૫

કરલે પ્યાર કરલે : ૭.૧૫

: સ્ક્રીન-૩ :

દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

કરલે પ્યાર કરલે: ૧૨.૧૫, ૬.૪૫

: સ્ક્રીન-૪ :

કરલે પ્યાર કરલે : ૯.૩૫

મીસ લવલી : ૧૨.૦૫, ૬.૦૦

ધૂમ-૩ : ૨.૩૦, ૧૦.૦૦

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :

દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

યારીયા : ૩.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫

શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :

યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫

વીરમ (તમિલ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦

યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૬ :

યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦

ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

યારીયા : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ધ લીજન્ડ ઓફ હરક્યુલસ : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦

હાથી મેરે સાથી : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

હાથી મેરે સાથી : ૧૧.૧૫, ૫.૦૦

કરલે પ્યાર કરલે : ૨.૦૦ ૮.૦૦, ૧૦.૧૫

વિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

વરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

વૃષભ : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દેઢ નિશ્ચયથી જટુલ કાર્યનો ઉકેલ આવી શકે.

મિથુન : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

સિંહ : વ્યાપાર-વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે.

કન્યા : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે.

વૃશ્ચિક : સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

ધન : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છએ. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

મીન : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. જમીન, મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ.

ચિરવિદાય

- સ્વ. સમુબેન મંગળભાઈ વાઘેલા ઉ.વ. ૬૪)પ્લોટ નં. ૭૪૧/૧, સેકટર-૭/બી, ગાંધીનગર
- સ્વ. સવિતાબેન મુકુંદલાલ શાહ ઉ.વ. ૯૦)પ્લોટ નં. ૧૨૫૫/૧, સેકટર-૫/એ, ગાંધીનગર
- સ્વ. રામસીંઘ દુર્ઘાસિંઘ સોની ઉ.વ. ૩૫)પ્લોટ નં. ૨૧/૨૯૦, શ્રીનગર સોસાયટી, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ભૂપતજી બબાજી ઠાકોર ઉ.વ.૫૫) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર
- સ્વ.વિઠ્ઠલભાઈ સંપતભાઈ દાતણીયાઉ.વ.૭૩) ૪૮૩, ગાયત્રીનગર, સેકટર-૨૩, ગાંધીનગર